**કામિની દોષી**
**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**નોર્થ ઝોન(કતારગામ)**

**–: <u>સંમતિ પત્ર</u> :–**

નં. નોર્થઝોન/ આઉટ/૪૨૬૩
તારીખ :– ૨૨ /૦૭ /૨૦૨૪.

**પ્રતિ,**
**ઈજારદારશ્રી**

**વિષય :–** સુરત મહાનગરપાલિકામાં નોર્થ ઝોન (કતારગામ)ના નવા વિસ્તારમાં અમરોલી–કોસાડમાં આવેલ જુદી–જુદી આંગણવાડીઓમાં ડેકોરેટીવ વોલ પેઈન્ટીંગ કરવાનું કામ.

**સંદર્ભ :–** (૧) સુરત મહાનગરપાલિકાની સ્થા.સ.ઠ.નં. ૪૮/૨૦૨૨, તા.૦૬/૦૧/૨૦૨૨ થી મંજુર થયેલ ઠરાવના યુનીટ રેટના ભાવો અને શરતોને આધિન.

(૨) મે. એડી. સીટી ઈજનેરશ્રીની તા. ૨૦/૦૭/૨૦૨૪ ની મંજુરી.

મહાશય,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકામાં નોર્થ ઝોન (કતારગામ)ના નવા વિસ્તારમાં અમરોલી–કોસાડમાં આવેલ જુદી–જુદી આંગણવાડીઓમાં ડેકોરેટીવ વોલ પેઈન્ટીંગ કરવાના કામે સ્થા.સ.ઠ.નં.૪૮/૨૦૨૨, તા.૦૬/૦૧/૨૦૨૨ થી મંજુર કરવામાં આવેલ યુનિટ રેઈટ મુજબના ભાવે અને શરતે, સદર કામગીરી સંદર્ભ (૧) મુજબની મંજુરી અને ટેન્ડરના મંજુર ભાવ અને શરત(યુનીટ રેટ) મુજબ રૂા.૫,૦૦,૦૦૦.૦૦ પૈ. ની મયાર્દામાં ઉકત વિષય મુજબની કામગીરી કરાવવાનું કામ સંદર્ભ(૨) થી મંજુર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી રૂા.૫,૦૦,૦૦૦.૦૦ પૈ. ની મયાર્દામાં સ્થાયી સમિતિ ઠરાવ નં. ૪૮/૨૦૨૨, તા.૦૬/૦૧/૨૦૨૨ થી મંજુર થયેલ યુનીટ રેટના મંજુર ભાવે અને શરતે કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખિત સંમતિ બંધ કવરમાં **તા.૨૯/૦૭/૨૦૨૪** સુધીમાં નોર્થઝોન(કતારગામ) ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

**–: <u>શ ર તો</u> :–**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટ (EMD) ની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા. ૫,૦૦૦/– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૪. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ. ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૫. કોઈપણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.

૬. સદર કામે કરેલ કામગીરીના ફોટોગ્રાફ બીલ વખતે રજુ કરવાના રહેશે.

૭. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

--S.D--
**કાર્યપાલક ઈજનેર**
**નોર્થઝોન(કતારગામ)**
**સુરત મહાનગરપાલિકા**

ગજેરા સ્કુલની પાછળ, રામજીકૃપા રો–હાઉસની બાજુમાં, સુરત. ટેલીફોન નં.૨૪૮૦૫૬૪
E-mail - exen.nz@suratmunicipal.org
Mo.No.97241 97897